# શબ્દનાં વાવેતર

(અછાંદસ રચનાઓ)

–થોભણ પરમાર

.1.

વહેતી
હતી
નદીઓ અહીં
ઘી–દુધની,
તે...દી'...કરતા હતા
'દુધપીતી' એને
તપેલામાં આપણે...!
અદ્યતન ભારતમાં
સંભળાય છે ચીસ
સ્ત્રીભુણની હવે....
સોનોગ્રાફીની
કાળમુખી કોટડીમાં...!

.2.

કહો છો
આપ,
ચક્ષુમાં
મુજ વૃદ્ધની
ગયો છે પાકી હવે
મોતીયો....!
તો પછી હે...વૈદરાજ !
દેખાય છે કેમ મને

એંઠવાડ આરોગતાં ઉકરડે
નગ્ન, ભુખ્યાં બાળકો
ને.....
શણગારેલા છપ્પનભોગ
ઉંચાં–ભવ્ય મંદીરોમાં...!

.3.

ડંખે છે
કંકર
પગ તળે,
નાનો અમસ્તો
જોડામાં.
ને નીકળી જાય છે
ચીખ સાથે
મુખમાંથી જાણે પ્રાણ !
થાય છે લોચન
સ્મરણમાં ભીનાઃ
ખમી હશે કેટકેટલી
લાત માએ
આ જ પગની
નવનવ માસ
એની નાજુક કુખમાં !

.4.

ઘસાતી ગઈ
બોલીઓ,
કરમાતી ગઈ
કહેવતો,
વીસરાતા

જાય છે હવે

શબ્દ તળપદા,

રમણીય રુઢીપ્રયોગો !

ધીરેધીરે

ક્રમેક્રમે,

થઈને હડધુત

શું હવે....ઓગળી જશે ?

મારી માતૃભાષાનો

છેલ્લો અક્ષર પણ...!

.5.

સંકલ્પના

ડૉકટરની

સેવાભાવી હતી,

પરીચારીકાઓ પણ એવી હતી;

ડીરેક્ટર.....ડોરકીપર

વૉર્ડબોય.....સ્વીપર

સૌની વર્તણુક ખુદાપરસ્ત હતી.

આમ તો–

આખ્ખીય હૉસ્પીટલ

સફેદ આરસની હતી.

ખાલી કૅશબારી પર

કમ્પ્યુટરમાં,

છરી ને બ્લેડ ભેગી

મુકેલી કાતર...

ખીસાં કાતરતી હતી !

.6.

ઉત્સવીયા

અતીરેકમાં

આપણી કને....
બીજું છે પણ શું
મીથ્યાડંબરીયા
ઉન્માદ સીવાય...?!
બાકી...પુતળાની જગ્યાએ
દશેરા ટાણે
કરતા ન હોત
દહન આપણે....
રક્ત ચુસતાં
રાષ્ટ્રદ્રોહીઓને !

## .7.

હશે
જુઓ....
અડખેપડખે
અહીં ક્યાંક
નજીકમાં જ
કવી–કસબીઓનું ઘર;
નહીંતર એમ
સંભળાય ક્યાંથી
ઈંટ–સીમેન્ટના
જંગલમાં અહીં
ટહુકા મહેંકતી વસંતના !

## .8.

કાપ્યા હતા
પ્રથમ
તેઓએ મારા પગ !

પછી....
આઝાદી બાદ,
ભાંગ્યા તમે
સશક્ત મારા હાથ !
વૈશ્વીકીયા ઝનુનમાં,
ને ઈંગ્લીશીયા કૈફમાં,
કરી રહ્યા છે
તમ નબીરાઓ હવે
મુજ કલેજા પર પ્રહાર !
હે....ગુર્જર વાસીઓઃ
વીદેશી ગોળીઓથી જ
મરે છે થોડી....
દેશની કોઈ...માતૃભાષા !

.9.

સ્વીકારો ના
હકીકત
તો પછી...
ઉકેલી જુઓ
પાનાં
જોડણીકોશનાઃ
મદીરા ને મરણ
બે શબ્દો વચ્ચે
છે ક્યાં..
ઝાઝું અંતર...!

.10.

આવું છું,
જોઈને

તમને
ભેટવા હરખભેર ઢૂંકડો.
પણ....
તમે તો
જાવ છો ઉડી
કહીને મને સાનમાં:
‘માણસને
પંખી થઈને
ટહુકતાં
હજી ઘણાય યુગો વીતશે !’

.11.

તુટીને પુરમાં
નવા બંધાઈ ગયા,
કેટલાક પુલ,
ઉખડીને વંટોળમાં
ફરી ઉછરી ગયાં
ઘણાંયે વૃક્ષ;
ભુકંપના ઝાટકે
ઢળી પડેલાં
તેય એક પછી એક
થઈ ગયાં પુનઃ બેઠા
ગગનચુંબી એપાર્ટમેન્ટ.
પણ...
ઉભો છે કેવો
એમનો એમ હજીયે અડીખમ
ભવ્યમંદીરની આ દીવાલ કને
બાલમંદીરનો અમારો
પતરાંનો વર્ગખંડ !

.12.

લુંટવો
હોય તો લુંટો,
આ રીતે
તમેય મીત્રો,
ક્ષણીક આનંદ
ઉત્સવીયા અફીણનો !
વાસ્તવે આમ....
મુર્તીઓ
ડુબાડવાથી તો....
ઉજવે છે 'મરણોત્સવ'
પ્રદુષીત નદીઓમાં
નીર્દોષ બીચારાં જળચરો !

:થોભણ પરમાર:

'શબ્દનાં વાવેતર' – (પ્રથમ આવૃત્તી–એપ્રીલ, 2008, પ્રકાશકઃ મંજુલા ટી. પરમાર, પૃષ્ઠ–96, મુલ્ય –રૂ. 80, પ્રાપ્તી સ્થાનઃ 22, સરીતા રો હાઉસ, એલ. પી. સવાણી સ્કુલ નજીક, ન્યુ અડાજણ–પાલ, સુરત– 394 510)માંથી સાભાર....

કવી સંપર્કઃ 22, સરીતા રો હાઉસ, એલ.પી. સવાણી સ્કુલ નજીક, ન્યુ અડાજણ–પાલ, સુરત–394 510. મોબાઈલ નં. 98247 233306

'સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલ–અંકના અતીથી સંપાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..... ઉત્તમ ગજ્જર..

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ સાતમું – અંકઃ 225 –August 28, 2011

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

●♦●

આપને અને આપ મારફત આપના મીત્રોને પણ **લેક્સીકોન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

વીશ્વના **91,00,000** જેટલા ગુજરાતી ભાષાપ્રેમીઓએ http://www.gujaratilexicon.com/ ની અત્યાર સુધીમાં મુલાકાત લીધી છે.

આપ સૌના સહયોગ થકી **'સન્ડે ઈ–મહેફીલ'**ના દેશ–વીદેશમાં હજારો વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે.

સૌનો આભાર...અમારી 'સન્ડે ઈ–મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો સરળતાથી ડાઉનલોડ કરવા, અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પર ક્લીક કરવા વીનંતી.

આ જ વેબ સાઈટ પરથી **લેક્સીકોન** અને **શ્રી. વીપુલ કલ્યાણી** તરફથી લંડનથી પ્રકાશીત થતા **'ઓપીનીયન'** માસીકના અંકોની તથા **શ્રી. પ્રવીણ વાઘાણી** 'મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા' તરફથી પ્રકાશીત થતા **'માતૃભાષા'** માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

Kindly send your suggestions to:


Ratilal Chandaria, e-mail: rpchandaria@comcraft.com
Ashok Karania, e-mail: ashok@gujaratilexicon.com


◆●◆

## કરજદાર છીએ !

*ન બોલે તેને બોલાવજો, જે ન આવે તેને ઘેર જજો, જે રીસાય તેને રીઝવજો..*
*ને આ બધું તેમના ભલાને માટે નહીં; પણ તમારા ભલાને સારું કરજો !*
*જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.*

–મો. ક. ગાંધી


'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ સાતમું – અંકઃ 225 –August 28, 2011

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


♦●♦●♦●♦●♦●♦●♦